દાવાદ શહેર

જોવાનું

ખત પત્રક.

મોહલજી હીરાભજી તલાટી

અમદાવાદ—“આર્યોદય” પ્રેસ.

અમદાવાદ શહેર

વર્ખંતપત્રક.

ખાસ અંદર જઈને અભ્યાસ કરવા લાયક જગ્યાઓ કાળા અક્ષરે છાપી છે.

....

મુસાફરી પારસી ધરમશાળાથી શરૂ થયલી સમજવી.

દિવસ ૧ લો—સવાર.

ધરમશાળાથી નીકળી લાલ દરવાજે ભદરમાં દાખલ થવું. ત્યાં દસક્રોઈ મામલતદારની કચેરી જે એક અસલી મસીદમાં છે તેની પાછલ બે **બારીઓ** ઉપરનું કોતર કામ જોઈ કલેકટરના બંગલા આગળ થઈ ક્લૉકતાવરની નીચેના બેવડા દરવાજાથી બહાર નીકળવું. જમણા હાથ ઉપર ભદ્રકાળીનું જુનું દેહેરૂં, જરા આગળ એક જુનો મેહેલ. જેમાં આગળ જેલ હતી અને હાલ પોસ્ટ ઓ-

ફીસ છે તેનો ગંજાવર દરવાજો જોવો. તેની અગાસીપર જાઈ શહેરનો દેખાવ જોવો; વખત મળે ને આગળથી બંદોબસ્ત થયલો હોય તો નીચે ગંજાવર ભોંયરૂ છે તે જોવું. ભદરના દરવાજા સામે મ્યુનિસિપલ ગારદન, ડાબા હાથપર હેમાભાઈ ઈન્સ્તીત્યુત અને તેની પાસે સરકારી હાઈસ્કુલ, જરા આગળ ચાલ્યા કે કારનજ નામનું મકાન. એના ઓટલાપરના મોટા થંભ એક એક પથરના છે ત જોવા. જમણા હાથપર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનું નવું મકાન,

શેઠ જાંગીરજી વકીલનું મેહુલરોકું રેહેવાનું ઘર, આગળ ચાલતાં ખાસ-બજારનો મોટો ચોક, એક લાકડાંનું સુંદર કોતરેલું કબુતરખાનું અને ત્રણ દરવાજાના આરકા; એ બેઉ ઉપરનું કોતરકામ ધ્યાન રાખીને જોવું. આગળ ચાલતાં ઉંચો સ્ટેશન રોડ છોડી નીચેને રસ્તેથી જમણા હાથપર જતાં બાદશાહની કબર અને ડાબા હાથપર રાણીની કબર જોવી. આગળ ચાલતાં માણેકચોક, જમણા હાથપર ફરતાં જુમામસજીદનો આગલો દરવાજો; અંદર જઇને

જુમામસજીદ જેવી; ત્યાંથી આગળ ચાલી ડાબે હાથે વળવું તો દાણાપીઠ આવશે, આગળ મ્યુનિસિપલઑફીસ અથવા કોઠો, છાપરાપર વાયુ માપકયંત્ર, ત્યાંથી જમણા હાથપર ફરી આગળ ચાલતાં ખમાસાનો ચકલો, ત્યાંથી જમણા હાથપર જરા અંદરથી પારસી અગીઆરી. પાછા ખમાસાને ચકલે આવતાં જમણા હાથપર ભોળાનાથ ઈન્સ્તીત્યુત ફોર લેડીઝ, ડાબા હાથપર ફીમેલ ટ્રેનીંગ કોલેજ, જરા આગળ જમણા હાથપર મેલટ્રેનીંગકોલેજ, સામે પ્રાર્થના સ-

માજ, આગળ ચાલતાં જમણા હાથ
પર મીશન હાઇસ્કુલ, સામે રાવ·
બહાદુર ભોળાનાથ સારાભાઇનો બં
ગલો; ત્યાંથી આગળ ચાલી જમણા
હાથપર ફરી ભદ્રમાં દાખલ થવું.
દરવાજાની પાસેજ એક સુંદર મસજી-
દ છે તે જોવી. ત્યાંથી સ્મોલકોઝ કો-
ર્ટની પાસેથી ભદ્રમાં થઇને સામેને
દરવાજ ભદ્રમાંથી નીકળી ડીસ્ટ્રીક્ટ
કોર્ટ આગળ થઈ લાલ દરવાજાની
ચોકી આગળ થઈ ઘેર ધરમશાળામાં.

—()o()—

દિવસ ૧ લો-સાંજ.

ધરમશાળામાંથી નીકળી સામા ગલીમાં જઇ નગરશેઠના બંગલા અને સીવીલ ઑસ્પીટલ આગળ થઈ દીલ્હી દરવાજે જવું. દરવાજામાંથી બહાર નીકળતાં જરા આગળ આવ્યા કે શંભુપ્રસાદનો સુંદર બંગલો તથા હઠીસીંગની વાડી તથા પ્રખ્યાત દેવળ; આગળ ચાલતાં બે રસ્તા મળે છે તેમાંનો જમણા હાથનો કાંપમાં જવાનો અને ડાબા હાથનો સાહીબા-

ગ જવાનો છે. જમણે હાથને રસ્તે જરા આગળ ચાલતાં બાંગડીઓ પીર આવેછે. ત્યાંથી તે છેક કાંપ સુધી રસ્તાપર ઝાડની ઘટા ઘણીજ સારી છે. રેલવે ક્રોસીંગ મુકી જરા આગળ ચાલતાં જમણા હાથ ઉપર એક બીજો એવોજ ઝાડની ઘટાવાળો રસ્તો આવેછે. એ બે રસ્તા જેવા ઘટાવાળા રસ્તા હિંદુસ્તાનમાં થોડાજ હશે. કાંપમાં દાખલ થતાં બે રસ્તા આવેછે ત્યાં બાગુપરનું મકાન જીમખાનું છે. આગળ ચાલી કાંપને છેડે કાંપના પેરેડ ગ્રાઉન્ડનું મેદાન કેટલું મોટું

છે તે જોવું. કાંપથી પાછા ફરતાં તેજ
રસ્તે નહિ આવતાં જમણા હાથ ઉ-
પર ઇંગ્રેજોના દેવળને રસ્તે આવવું,
તે રસ્તે જમણા હાથ ઉપર નદી કી-
નારે એક સુંદર મેદાન આવેછે જયાં
સાંજે સૂર્ય અસ્ત થતી વખતે દેખાવ
ઘણોજ સુંદર લાગેછે; ત્યાંથી આગળ
ચાલતાં શાહીબાગનો અસલી મહેલ
જયાં હાલ કમીશનર સાહેબ રહે છે
તથા જરા આગળ ચાલતાં ડાબા
હાથ ઉપર જહાંગીરજી વકીલની શા-
હીબાગની વાડી જોવાલાયક છે. આ-
ગળ ચાલતાં લેવલક્રોસીંગ આગળ

જમણા હાથ ઉપર પોલીસની લાઇન, જરા આગળ ચાલતાં ફ્રીમેસન લૉ-જનું લાલ ઈંટનું મકાન, ત્યાંથી દી-લ્હી દરવાજા સુધીનો પહોળો, ગંજા-વર આમલીની બે હારવાળો સુંદર અસલનો રસ્તો ધ્યાન રાખી જોવો. દીલ્લી દરવાજામાં દાખલ થયા પછી બે રસ્તા આવેછે તેઓના ખૂણા ઉ-પર એક સુંદર મસ્જીદ, પછી જમ-ણા હાથને રસ્તે ચાલતાં ડાબા હાથ ઉપર પ્રોતેસ્તત ચર્ચ, આગળ ચાલ-તાં તેજ હાથ ઉપર નવરોજી વકી-લનો બંગલો અને પાસે રોમનકૅથો-

લીક ચર્ચ, સામે એક સુંદર મસ્જીદ, આગળ ચાલી સીધે રસ્તે ઘેર ધરમશાળામાં.

દિવસ ૨ જો.—સવાર.

નીકળવા અગાઉ ભુંજેલા ચણા અથવા બાજરીના રોટલા સાથે રાખવા.

ધરમશાળામાંથી નીકળી દિલ્લી દરવાજે આવી ત્યાંથી ડાબા હાથ ઉપર ને ઝાડની ઘટાવાળે રસ્તે વાતર

ઢક્ક્સ જોવા જવું. આ રસ્તે વાંદરાં ઘણાં મળે છે તે લગભગ હળી ગયલા જેવા છે તે પાસે આવીને તમારા હાથમાંથી ચણા તથા રોટલા લેશે.

વૅાતરવર્કસના મીનારા ઉપર ચડી આસપાસનો રમણીય દેખાવ જોવો. પાછા આવતાં ડાબા હાથ ઉપર દરીઆખાનના ઘુમટ ઉપર જઇને શેહેરનો દેખાવ જોઇ શાહીબાગને રસ્તે પાછા ઘર.

દિવસ ૨ જો—સાંજ.

જરા જલદી નીકળવું. ધરમશાળામાંથી સલ પોસ દરવાજે થઇ જાંહાંગીરજી વકીલના ઘરની પાસેથી મેલ ટ્રેનિંગ કૉલેજ, મીશનસ્કુલ, પ્રા-

થના સમાજ, ફીમેલ ટ્રેનિંગ કૉલેજ, ભોળાનાથ લેડીઝ ઇન્સ્તીત્યુત આગ-ળથી થઈ આગળ સીધા જઇ આ-સ્તોડીઆના ચકલા આગળની એક જુની મરજીદ જેની ચોતરફની દે-વાલ બધી કોતરી કાઢેલા પથ્થરની છે તે જોવી. આગળ ચાલતાં અમ-દાવાદમાં તો શું પણ આખા હિં-દુસ્થાનના સુંદર મકાનમાંનું એક, **રાણીસીપરીની** મરજીદ તથા કબર જોવી. ત્યાંથી અસ્તોડીઆને દરવાજે બાહાર નીકળી રાયપુર દરવાજાને સા-મેને રસ્તેથી **કાંકરીઆ** તળાવ જોવું.

એ તળાવની કીનારે જમણું હાથને રસ્તે વલંદા લોકોનું જુનું કબરસ્તાન જોઈ તળાવમાં પેસી અંદરની નગીનાવાડી જોઈ પુરવ કીનારે નીચે ઉતરી મોટે સાદે બોલશો તો પડઘા ઘણા સરસ થશે. તે સાંભળી તળાવમાંથી બાહાર આવી સામે ટેકરી ઉપર ચડઉતર રસ્તાવાળી વાડીમાં જવું. ત્યાંથી ઉતરી ડાબા હાથ તરફને રસ્તે **શાહેઆલમનો રોજો** (એટલે કબર) જોઇ આગળ થોડે ચાલી ચંડોળાનું મોટું તળાવ જોઈ જમાલપુર દરવાજાને ઘટાવાળે રસ્તે ઘર.

દિવસ ત્રીજો-સવાર.

ધરમશાળામાંથી નીકળી સામેની ગલીમાં **ગાલીચાનું કારખાનું** જોઇ ત્યાંથી ત્રણ દરવાજાને રસ્તે સ્ટેશનરોડ. રસ્તે કોતરકામ કરેલા હિંદુઓનાં સુંદર મકાનો જોવાં. ત્યાંથી પાંચ કુવાને દરવાજે આગળ જતાં સ્ટેશનની સામેની ઝાડની ઘટાવાળી ધર્મશાળા આગળની બારોટેલ વાવ જોઈ ત્યાંથી સ્ટેશન ઉપર જઇ ત્યાંની અસલી મસ્જીદના બે રહી ગયલા ઊંચા મીનારા જોવા. પાછા

ફરી રેલવે લાઇનની પાછળ પુલને રસ્તે જઈ પ્રાંતીજ લાઈનના સ્ટેશન ની સામે **દાદાહરીની વાવ** જોઈ પાછા ફરવું. શેહેરમાં દાખલ થતાં શેહેરના કોટ ઉપર નજર કરી જોવી.

દિવસ ૩ જો-સાંજ.

જરા જલદી નીકળવું. ધરમશાળામાંથી ભદ્ર અંદર થઈ નદીના પુલ ઉપર થઈ ગુજરાત કોલેજનું મકાન જોઈ પાછા ફરી સરખેજને રસ્તે જવું, રસ્તે ત્રણ માઈલના પથર પાસે એક મકાન આવેછે જેને આજમ મા-

જમ અથવા ભુલભુલામણી કહેછે તે ઉતરીને જોવું, પછી સરખેજ જઈ ત્યાંની મસીદો, કબરો મેહેલો અને તળાવ જોઈ પાછા ઘર.

ઉપલું પરોગરામ ત્રણ દિવસના પ્રવાસનું છે પણ જેને વધારે ફુરસદ હોય તેને માટે બીજું વધારાનું પરોગરામ નીચે પ્રમાણે.

સારંગપુર દરવાજેથી બાહાર નીકળી રાજપુર-ગોમતીપુર ગામની મસજીદનો **ધ્રુજતો મિનારો** એક સવાર અથવા સાંજ જોઈ આવવો.

વધારે ફુરસદ હોય અને એક આખો દિવસ બાહાર જઈ આવવા બનતું હોય તો **અડાળજની વાવ** જોવા વગર રહેવું નહીં. સવારે ૮ વાગે નીકળતી રજપુતાના રેલવેની ગાડીમાં બેસી અમદાવાદથી ત્રીજા ખોડીઆરના સ્ટેશન ઉપર ઉતરી અગાઉથી બંદોબસ્ત કરી રાખેલી ગાડીઓમાં બેસી અડાલજ જવું અને સાંઝે જે ગાડી આવે તેમાં પાછું આવવું.

—— :o: ——

